# ગાંધીમૂલ્યોના માર્ગે પદયાત્રા યોજાશે

**બુનિયાદી શિક્ષણ પદ્ધતિ આપતી ગ્રામ દક્ષિણામૂર્તિ સંસ્થા-મણારથી પદયાત્રાનું પ્રસ્થાન આગામી ૧૯મી જાન્યુઆરીએ થશે જ્યારે સમાપન લોકભારતી-સણોસરા ખાતે ૨૨મી જાન્યુઆરીએ થશે : કેન્દ્રિયમંત્રી મનસુખ માંડવિયા દ્વારા આયોજન કરાશે**

ગાંધીનગર, તા. ૬

ભારત સરકાર દ્વારા સદીના મહામાનવ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ૧૫૦માં જન્મજયંતિ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે પૂજ્ય બાપુની સ્મૃતિને ચિરકાળ બનાવવા કેન્દ્રિયમંત્રી મનસુખભાઈ માંડવિયા દ્વારા બુનિયાદી શાળાઓ અને સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી એક પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. તા. ૧૬ થી ૨૨મી જાન્યુઆરી સુધી યોજનાર આ પદયાત્રા ૩૫ ગામોમાંથી પસાર થશે. ૧૫૦ કિ.મી. લાંબી આ પદયાત્રામાં સમગ્ર દેશના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને નાગરિકો બહોળી સંખ્યામાં જોડાશે.

આઝાદીના સંઘર્ષ સાથે જ પૂ. બાપુએ ચારિત્ર્ય નિર્માણ અને સમાજ ઘડતર થકી રાષ્ટ્રનિર્માણના કાર્યને સાંકળી લીધુ હતુ, જેથી આઝાદી મળ્યા બાદ 'સ્વરાજ્યથી સુરાજ્ય'ની સંકલ્પના સાકાર થઈ શકે. આ માટે બાપુએ બુનિયાદી શિક્ષણ પદ્ધતિ 'નઈ તાલીમ' વિકસાવેલી. ભાવનગર જિલ્લાના તત્કાલિન ગાંધીવાદી કર્મશીલોના પ્રયત્નોથી અનેક બુનિયાદી શાળાઓ સ્થાપવામાં આવી જે આજે ગાંધીયુગની સ્મૃતિ સાચવી રહી છે. આ પદયાત્રા પથ પણ આવી બુનિયાદી શાળાઓને સાંકળીને નિર્ધારિત કરવામાં આવ્યો છે. તા. ૧૬મી જાન્યુઆરીના રોજ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાની ગ્રામ દક્ષિણામૂર્તિ સંસ્થા-મણારથી પદયાત્રાનુ પ્રસ્થાન થશે તથા તા. ૨૨મી જાન્યુઆરીના રોજ લોકભારતી-સણોસરા સંસ્થા ખાતે સમાપન થશે. ગાંધી વિચારધારા સાથે નવી પેઢી જોડાય તથા પૂ. બાપુએ કલ્પેલા શોષણવિહિન, અહિંસક, ન્યાયી, સમાનતા તથા બંધુતા સાથે કરૂણાપૂર્ણ અને પ્રકૃતિપ્રેમી સમાજનું નિર્માણ થાય તેવા શુભ હેતુસર પૂ. બાપુએ આપેલ "૧૧ મહાવ્રત'ના મૂલ્યો પર આ પદયાત્રાની સભાઓ આધારિત રહેશે. આ પદયાત્રાની માહિતી તથા રજીસ્ટ્રેશન સુવિધા પદયાત્રાની વેબસાઈટ www. Gandhi150padyatra.in પર ઉપલબ્ધ છે.

આ પદયાત્રાના સંયોજક અને કેન્દ્રિયમંત્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું છે કે પદયાત્રા પથ પરના ૩૫ ગામો સહિત કુલ ૧૫૦ ગામોમાં ૫ દિવસ સુધી વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સાંકળી લેવામાં આવેલા ૧૫૦ ગામોમાં સફાઈ, મેડિકલ કેમ્પ, વ્યસનમુક્તિ સંકલ્પ, ગ્રામ્ય કારીગરોનુ સન્માન, કૃષિ માર્ગદર્શન શિબિર જેવા અનેક રચનાત્મક કાર્યક્રમો અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.



**ભવ્ય શાકોત્સવ ઉજવાયો**

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની આજ્ઞા અન્વયે ભવ્ય શાકોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૪૦૦ કિલો રીંગણ તેમજ ૧૦૪૫ કિલો બાજરીનો લોટ રોટલા માટે વપરાયો હતો. શાકોત્સવમાં ઘણી મોટી સંખ્યામાં માનવ સમુહ ઉપસ્થિત રહી પ્રસાદ લીધો હતો તેવુ મહંત સદગુરુ ભગવપ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું.

# જીઆરડીના જુનિયર ક્લાર્કે ૪.૨૫ લાખની ઉચાપત કરતા ફરીયાદ

**બે જીઆરડી સભ્યોના નાણાં બેંકમાં ભરી અન્ય સ્થળે જઈ ઉપાડી લીધાનો આક્ષેપ**

હિંમતનગર, તા. ૬

હિંમતનગરમાં જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીના પરીસરમાં આવેલ ગ્રામરક્ષકદળ (જીઆરડી) શાખામાં ફરજ બજાવતા એક જુનિયર ક્લાર્કે ત્રણ વર્ષ અગાઉ જીઆરડી દરમાં ફરજ બજાવતા બે સભ્યોના નોકરીના અંદાજે રૂ. ૪.૨૫ લાખથી વધુની રકમ બેંકમાં ભરી અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલ એક બેંકની શાખામાંથી આ રકમ ઉપાડી લઈ બંને સભ્યો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી તથા સરકારી નાણાંની ઉચાપત કર્યાની ફરીયાદ શનિવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ ફરીયાદમાં ગ્રામરક્ષક દળમાં ફરજ બજાવતા પીએસઆઈ વી.આર. ઝાલાના જણાવાયા મુજબ વર્ષ ૨૦૧૬માં જીઆરડી શાખામાં જુનીયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા દિગ્વિજયસિંહ મગનસિંહ ભાટીએ પોતાની ફરજકાળ દરમ્યાન જીઆરડી સભ્ય રાજેશકુમાર તખાજી ખાંટના ખાતામાં રૂ. ૧.૪૪ લાખ તથા જીતેન્દ્રસિંહ કાળુસિંહ ચૌહાણના ખાતામાં અંદાજે રૂ. ૨.૮૧,૩૨૦ મળીને રૂ. ૪,૨૫,૩૨૦ની રકમ હિંમતનગરમાં આવેલ દેના બેંકના ખાતામાં ઓનલાઈન ભર્યા હતા.

ત્યારબાદ ગમે તે કારણોસર દિગ્વિજયસિંહ ભાટીએ આ રકમ મોડાસાની એક બેંકની શાખામાંથી ઉપાડી લીધા હતા અને તે પૈસા રાજેન્દ્રકુમાર ખાંટ તથા જીતેન્દ્રસિંહ ચૌહાણને ન આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. તથા સરકારી નાણાંની ઉચાપત કરાયાનું ધ્યાને આવતા ગ્રામરક્ષક દળના પીએસઆઈ વી.આર. ઝાલાએ આ જુનીયર ક્લાર્ક વિરૂદ્ધ શનિવારે હિંમતનગર બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



ગાંધીનગર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા એમ. બી. પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ સેક્ટર-૨૩ ખાતે સિંગર ઓફ ધી સ્કૂલ નામક એક સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં બાળકોએ હોંશભેર ભાગ લઈ અને સ્પર્ધાને માણી હતી. સ્પર્ધાને અંતે વિજેતા બાળકોને ઈનામોથી પુરસ્કૃત કરાયા હતા. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને આવેલ વૃત્તિ પાનવાલાને ખાસ ટ્રોફી અને પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવી હતી.



ગાંધીનગરના સેકટર-૨૭ ખાતે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ જીવદયા પ્રેમીઓ દ્વારા અંદાજે ૨૦૦ કિલો ચોખ્ખા ઘીના લાડુ બનાવી શ્વાન અને ગૌ માતાને ખવડાવવામાં આવ્યા હતા. આ ઉમદા કાર્યમાં બાલમુકુન્દ મંડળના સભ્યો તથા સામાજીક કાર્યકર ઉમેશભાઈ જહા, કાન્તિભાઈ પટેલ, બાલુભાઈ જોષી, હેમચંદ્રભાઈ પટેલ, પીયુષભાઈ પટેલ વગેરેએ શ્રમદાન આપ્યું હતું.

# મોડાસા વી.એસ. શાહ શાળામાં યોગ, જ્ઞાન, ઉત્સવ અને સત્કાર સમારંભ યોજાયો

મોડાસા, તા. ૬

મોડાસામાં છેલ્લા છ દાયકાથી શૈક્ષણિક સેવા કરતી વી.એસ. પ્રાથમિક શાળા સરસ્વતી બાલમંદિર મંડળ દ્વારા બે દિવસીય યોગ જ્ઞાન ઉત્સવ સત્કાર સમારંભ યોજવામાં આવ્યો. જેમાં આઠસોથી વધુ વિદ્યાર્થીઓ વિદ્યાર્થિનીઓએ લાભ લીધો હતો. જ્ઞાન શિબીરમાં પતંજલિ યોગ સમિતિના યોગગુરૂ દ્વારા અને શિક્ષણ સાથે રાજ્યપાલ એવોર્ડ વિજેતા ડો. જિજ્ઞેશભાઈ દ્વારા જ્ઞાન શિબિર ડો. હરિભાઈ પટેલ આદર્શ શિક્ષક જયેન્દ્ર પંડયાએ બાળકો જોડે જ્ઞાનવર્ધક વાતો કરી બાળકોને આવનારા શિક્ષણ કાર્ય કેવી રીતે કરવું જીવનકાર્ય કેવી રીતે કરવું મા-બાપ સાથે કેવી રીતે રહેવું એવા સામાજિક પ્રશ્નોની પણ ચર્ચા કરી હતી. પત્ની યોગના રોહિત પ્રજાપતિ અને વી.સી શાહ દ્વારા બાળકોને પ્રાણાયામ શારીરિક કસરત, આહાર વિહાર વિશેની સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ચુસ્ત માટે સરસ્વતી બાલમંદિરના મંડળના પ્રમુખ નિલેશભાઈ જોશીનું શાળા પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કેમ્પસ ડાયરેક્ટર રમણભાઈ વણકર, આચાર્ય કિરણાબેન ત્રિવેદી, અમૃતભાઈ રબારીએ અજહેમત ઉઠાવી હતી. બાળકોના વાલીઓ અને બાળકો સમગ્ર કાર્યક્રમ દરમિયાન હાજર રહ્યા હતા.




# નિરાશા ખંખેરી આશાવાદી બનવા નિયમિત યોગાભ્યાસથી નવી ઊર્જા મેળવો : યોગગુરુ

**ડીસા ખાતે આયોજિત યોગ મહોત્સવના ચોથા દિવસે દોઢ હજારથી વધુ સાધકો દ્વારા સામુહિક યોગાભ્યાસ કરાયો**

ડીસા, તા. ૬

ડીસાના મહેમાન બનેલા આંતરરાષ્ટ્રીય યોગગુરુ શૈલેષજી રાઠોડે રવિવારે વહેલી સવારે ડીસાના સ્પોર્ટ્સ કલબ ગ્રાઉન્ડ પર આપ્યું હતું. તણાવ દુર કરવા યોગ તરફ વળવાનું આહવાન કરતા યોગગુરુ શૈલેશજી રાઠોડે જણાવ્યું હતું કે નિરાશા ખંખેરી આશાવાદી બની યોગના માધ્યમથી જીવનની કલબ મેદાન પર અદભુત માહોલ સર્જાયો હતો.આજે ચોથા દિવસે યોગ ગુરુ શૈલેષજી રાઠોડે મનની શક્તિઓ વિશે માર્મિક પ્રવચન પણ આપ્યું હતું. દરરોજ માત્ર ૨૦



આયોજિત યોગ મહોત્સવમાં ઉપસ્થિત સ્વાસ્થ્ય પ્રેમીઓને નિરાશા ખંખેરી આશાવાદી બની યોગ દ્વારા ઉર્જા મેળવવા આહવાન કર્યું હતું.આર્ટ ઓફ લીવીંગ પરિવાર દ્વારા ડીસા સ્પોર્ટ્સ કલબ ગ્રાઉન્ડ ખાતે આયોજીત યોગ મહોત્સવમાં નગરના યોગપ્રેમીઓને યોગના પાઠ ભણાવી રહેલા આંતરરાષ્ટ્રીય યોગ ગુરુ શૈલેષજી રાઠોડે આ યોગ મહોત્સવના ચોથા દિવસે રવિવારે વહેલી સવારે સ્પોર્ટ્સ કલબ ગ્રાઉન્ડ પર યોગના અભ્યાસ માટે ઉપસ્થિત નગરજનોને દરરોજ ૨૦ મિનિટ નિયમિત રીતે યોગ કરવાની શીખ આપી વિવિધ યોગાસનો અંગે પદ્ધતીસરનું માર્ગદર્શન પણ કોઈ પણ મુશ્કેલીઓનો સામનો કરવા માટે નવી ઉર્જા પ્રાપ્ત કરી શકાય છે.બટાકામાં તેજી મંદી તો રહે પણ આવી મુશ્કેલીઓથી નાસીપાસ થઈ આત્મહત્યા કરવાના બદલે મનને મક્કમ બનાવી સ્થિતિના મજબૂત મુકાબલા માટે જાતને તૈયાર કરવા યોગ જ સક્ષમ ઉપાય હોવાનું પણ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

ડીસા સ્પોર્ટસ કલબના વિશાળ મેદાન પર આર્ટ ઓફ લીવીંગ પરિવાર દ્વારા યોજાઈ રહેલી પાંચ દિવસીય યોગ શિબિરમાં દિન પ્રતિદિન સાધકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.આજે ચોથા દિવસે ૧૬૦૦થી વધુ સાધકોએ એક સાથે યોગનો અભ્યાસ કરતા સ્પોર્ટ્સ મિનિટ માટે યોગ અને પ્રાણાયામ કરવાથી મનની શક્તિઓને જાગ્રુત કરી આશાવાદી બની મનને મક્ક?મ બનાવવાથી પોતાની જાત ઉપર વિશ્વાસ વધે છે અને યોગ તેમજ પ્રાણાયામથી જીવન બદલી શકાય છે તેવું પણ યોગગુરુએ જણાવ્યું હતું.બાળકોને પણ યોગ તરફ વાળી સંસ્કારોનું સિંચન કરવાની સલાહ આપી યોગગુરુએ સાધકોના સ્વાસ્થય અંગેનાં પ્રશ્નોનું પણ નિરાકરણ કર્યુ હતું.આ યોગ મહોત્સવમાં ગામે ગામથી બહોળી સંખ્યામાં યોગ સાધકો ઉમટી રહ્યા છે ત્યારે આજે સતત ચોથા દિવસે આ યોગ મહોત્સવમાં યોગનો અભ્યાસ કરતાં અદભુત માહોલ સર્જાયો હતો.

# માલપુરના તખતપુર ગામે વિદ્યાર્થિનીઓ માટે પેડ વેન્ડીંગ અને પેસ ઈન્સીનરેટર સુવિધાનો પ્રારંભ

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના તખતપુર મુકામે જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમડી પટેલ વિદ્યાસંકુલ ખાતે "સ્વચ્છ તન મન અને પર્યાવરણ" ઝુંબેશ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત સંસ્થામાં વિવિધ ફેકલ્ટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે પેડ વેન્ડિંગ અને પેસ ઈન્સીનરેટર સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક ફાલ્ગુની પટેલ, સ્ટેમ્પ એન.જી.ઓના પ્રમુખ નરેન્દ્રભાઈ વ્યાસ, નીલેશભાઈ વ્યાસ, સ્ટેમ્પ એન.જી.ઓ.ના સ્થાપક પ્રો-સ્થાપક ગ્રીષા વ્યાસ, હિનલબેન, અરવલ્લી જિલ્લા રમતગમત અધિકારી હર્ષા ઠાકોર, સંસ્થાના એમડી મહેશ ડી. પટેલ તેમજ મંત્રી મહેન્દ્રપ્રસાદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પેડ ઇનસીનરેટર મશીનનો કઈ રીતે ઉપયોગ કરવો તેનો વિદ્યાર્થીઓને ડેમોસ્ટ્રેશન દ્વારા સમજ આપી હતી.

ગ્રીષા વ્યાસ અને હીનલબેને તમામ વિદ્યાર્થીની બહેનો તેમજ શિક્ષિકા બહેનોને સ્વચ્છ તન મન પર્યાવરણ અંગે પાવરપોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા સમજુતી આપી હતી. પેડ વેન્ડિંગ અને પેડ ઈન્સીનરેટર મશીનનો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિશિષ્ટ માહિતી આપી હતી. આમ વપરાયેલ સેનિટરી પેડના નિકાલનો ઈકો ફ્રેન્ડલી માર્ગ સુનિશ્ચિત કરવા સેનેટરી પેડ ઈનસીનરેટર મશીન નિ:શુલ્ક પુરા પાડવા અને સ્વચ્છ પર્યાવરણ જાળવવા અભિયાન હાથ ધર્યું હતું.




# ધાનેરા પોલીસ મથકમાં એસીબીના દરોડા : પોલીસ કોન્સ્ટેબલ ફરાર

ધાનેરા પોલીસ મથક માં બનાસકાંઠા એસીબી દ્વારા ટ્રેપ કરવામાં આવી છે જેમાં જયંતિ પ્રજાપતિ નામનો પોલીસ કોન્સ્ટેબલ લંચ ની રકમ લઈ ફરાર થઈ જતા એસીબી ટીમે ફરાર પોલીસ કોન્સ્ટેબલ સામે ગુનોં નોંધી તાપસ હાથ ધરી છે. થોડા દિવસ અગાઉ ધાનેરા તાલુકા ના એક ગામમાં અનાજ દળવાની ઘંટી ઉપર આ પોલીસ કોન્સ્ટેબલ ધ્વરા તાપસ કરવામાં આવી હતી અને અનાજ દળવાની ઘંટી માંથી દેશીદારૂ ઝડપાયો હતો ત્યારે આ ગુનામાં ફરીયાદી નું નામ ન ખોલવા માટે આ પોલીસ કોન્સ્ટેબલે રૂપિયા ૨૫ હજાર ની લાંચ માંગી હતી.

## કેકટસ ગાર્ડન... છેલ્લા પાનાનું ચાલુ

આશરે ૧૦ હજાર કરતાં પણ વધારે કેકટસ રોપવામાં આવશે. અત્યાર સુધીમાં કુલ છ હજાર જેટલા 'કેકટસ' સફળ રીતે વાવી દેવામાં આવ્યા છે. તેમાં આશરે ૩૫૦ જેટલી જુદી જુદી જાતીના 'કેકટસ'નું વાવેતર કરવામાં આવ્યું છે. સમગ્ર 'કેકટસ ગાર્ડન' ગીર ફાઉન્ડેશનન, ગાંધીનગરના સુપરવિઝન થકી થઈ રહ્યું છે.

આ 'કેકટસ ગાર્ડન'નો વિસ્તાર ૯૦૨ ચો.મીટર જેટલો હાલમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં સમગ્ર ભારતમાંથી જુદી જુદી જગ્યાએથી 'કેકટસ' ભેગા કરવામાં આવ્યા છે. આગામી ૧૬મી જાન્યુઆરીએ આ કેકટસ ગાર્ડન સહેલાણીઓને જોવા માટે સંભવિત ખુલ્લો મુકવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ 'થોરીયા' એટલે કે 'કેકટસ' પર સંશોધન કરનાર તજજ્ઞો પણ આ ગાર્ડનને સફળ બનાવવા કામ કરી રહ્યા છે. 'કેકટસ' એટલે કે થોરીયાને અનુરૂપ આબોહવા માટે પણ ડોમ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ સમગ્ર પ્રોજેક્ટ પાછળ બે કરોડ જેટલો અંદાજીત ખર્ચ પણ થઈ ગયો છે તેમ વનવિભાગ જણાવી રહ્યું છે.

## ગણતરીમાં ગાંધીનગર... છેલ્લા પાનાનું ચાલુ

થાય?. એક તરફ આપણે એ પણ વિચારવું રહ્યું કે આ પરિવારોમાં જેમ પરણિત દંપતિઓની સંખ્યા વધારે છે તેમ આ ઘર-પરિવારમાં બાળકો/સંતાનો પણ હોય. મનોવિજ્ઞાન અને જાતીય વિજ્ઞાનના નિષ્ણાતો વિવિધ સંશોધનો દ્વારા એમ પ્રતિપાદિત કરે છે કે કુમળી વયના,મુગ્ધાવસ્થા અને તરુણાવસ્થા સાથે સંકળાયેલા તરુણો અને બાળકોને તેમના ઉપર વિપરિત અસરના પડે તે માટે અને તેમનું યોગ્ય સામાજિકરણ થાય એવા વિચાર સાથે સમાજવિજ્ઞાનીઓ એમ સુચવે છે કે પતિ-પત્નીએ બેડરૂમ ફેન્ટસીથી બાળકોને દૂર રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. અથવા તો બાળકો સામે આવી રીતે ના વર્તવું એની ખાસ કાળજી રાખવી જોઈએ. જો વિજ્ઞાનની વાત માનીએ તો આપણે તંદુરસ્ત સમાજ નિર્માણ માટે પરણિત દંપતિઓની અંગતતા વિશે ચોક્કસ વિચારવું પડે, જો ના વિચારીએ તો આવા દંપતિ કુટુંબની ભીડમાં પણ જાતીયતા આવેગની બાબતે એક્લો અટૂલો જ છે. ભલે ગાંધીનગર શહેર અને ગાંધીનગર ગ્રામ્યમાં પરણિત દંપતિઓ અને એક જ છત ધરાવતા પરિવારોની સંખ્યા નાની હોય પરંતુ જ્યારે જાતીયતા અને એ અંગેના મૂંઝવતા પ્રશ્નો સમાજને આજે કનડીરહ્યા છે ત્યારે આ પ્રશ્ન મોટો બની જાય છે. વસ્તી ગણતરીનો અહેવાલ આ નાનકડા પરંતુ સામાજિક દ્રષ્ટિકોણથી બહુ મોટા એવા સવાલ અને સમસ્યા પર અંગુલિનિર્દેશ કરે છે.

## કેન્સરની બિમારી... છેલ્લા પાનાનું ચાલુ

નાક અને ગળાની તકલીફ જણાઈ છે. જિલ્લામાં ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહમાં આ કાર્યક્રમ સંપન્ન થઈ જશે. હૃદય, કિડની, કેન્સર તેમજ અન્ય ગંભીર બિમારી ધરાવતા બાળકોનો સારવારનો સંપૂર્ણ ખર્ચ સરકાર ઉઠાવશે.

જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીના જણાવ્યાનુસાર ગત વર્ષના પણ જે બાળકો મળ્યા હતા તેમની સારવાર ચાલુ છે અને આ બાળકોના રિન્યુઅલ પણ આ વખતે આપવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં જે બાળકો સંદર્ભ સેવા પાત્ર જણાયા છે તે પૈકીના ૧૫૭ બાળકોને નિષ્ણાતો દ્વારા તપાસવામાં આવ્યા છે અને તેમની સારવાર પણ આરંભી દેવામાં આવી છે. અત્યાર સુધીમાં ૧,૮૧,૦૫૧ બાળકોની ચકાસણી સંપન્ન થઈ ગઈ છે. જિલ્લામાં આ પ્રોજેક્ટ હેઠળ ૩,૧૧,૧૭૮ બાળકો આવરી લેવામાં આવનાર છે.

## અભ્યાસ કરવા ટીમ... છેલ્લા પાનાનું ચાલુ

જ્યાં ગ્રામજનો સાથે સંવાદ કરશે. આ ટીમ જિલ્લામાં પાંચ દિવસના રોકાણ દરમ્યાન વિવિધ ગામોમાં પણ યોજનાના અમલીકરણ અંગેની વિગતો મેળવશે. આ ટીમની મુલાકાતને અતિ મહત્વની લેખવામાં આવી રહી છે.

જિલ્લાતંત્ર દ્વારા આ બાબતે કવાયત હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં સ્વચ્છ ભારત મિશનની કામગીરી સહિતના મુદ્દાઓ અંગે એક પાવર પોઈંટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવનાર છે. આ ટીમ જિલ્લાના અધિકારીઓ સાથે પણ અલગથી બેઠક કરી અને પડકારો, ક્ષમતા જેવા પાસાંઓ અંગે ચર્ચા કરી આખા જિલ્લાનો રિપોર્ટ તૈયાર કરી ભારત સરકારને સુપ્રત કરશે. ટીમ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તેમજ આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત રજુ થયેલા ક્લેઈમ અને યોજનાઓના લાભાર્થીઓ તેમજ ગોલ્ડન કાર્ડ કેટલા અપાયા સહિતની બાબતો અંગે પણ સમીક્ષા કરશે.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

ભાજપની નેતાગીરીને ચિંતા સતાવવા માંડી કે વિપક્ષો જો એક થાય તો એપ્રિલ-મે ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપનો પરાજય થઈ શકે એવું અનુભવાતાં નવો સળવળાટ આરંભાયો. એટલે જ વાંસળીવાળા (બેગપાઈપર)ની જેમ દેશવાસીઓને ઘેલું લગાડનારા વડા પ્રધાન મોદીના નવવર્ષના પ્રથમ દિવસના ઈન્ટરવ્યૂમાં ચૂંટણી માટેનો એજન્ડા સેટ કરાયો. જોકે એના પ્રત્યાઘાતમાં કોંગ્રેસે દસ એવા સવાલો દાગ્યા કે એનો જવાબ આપવામાં મુશ્કેલી પડે. ૨૦૧૪ના ચૂંટણી ઢંઢેરામાં વચનોની લ્હાણી કરી હતી અને હજુ અમલ થયો નહોતો. એ વાત કૉંગ્રેસના રણદીપ સુરજેવાલાએ ગજવી. પછીના દિવસોમાં લોકસભા અને રાજ્યસભા કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી અને કોંગ્રેસી નેતા આનંદ શર્મા સહિતના વિપક્ષી સભ્યોએ રાફેલ યુદ્ધ વિમાન સોદા મુદ્દે ગજવી. જોકે મોદી આ બધાને પહોંચી વળવાના આગોતરાં આયોજન કરીને બેઠા હોય એવું લાગે છે. જ્યાં ઊણા પડે ત્યાં 'તોતા' (સીબીઆઈ: મુખ્ય ન્યાયમૂર્તિ રહેલા આર. એમ. લોઢાએ વાપરેલા શબ્દ મુજબ)નો ઉપયોગ કરીને વિરોધીઓની સાન ઠેકાણે લાવવામાં તેઓ માહિર છે. જોકે રામ મંદિર મુદ્દે સંઘ પરિવાર સક્રિય થતાં મોદીના વિકલ્પે નીતિન ગડકરીનું નામ પણ ચર્ચામાં છે.

ફારેગ થતા મિત્ર પક્ષો અને સ્વજનો લોકસભાની પેટા-ચૂંટણીઓમાં ભાજપનો લાગલગાટ પરાજય થયો છે. એની લોકસભામાં પણ સંખ્યા ઘટી છે. આંધ્રના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુની તેલુગુ દેશમ્ પાર્ટીએ કેન્દ્રમાં બબ્બે પ્રધાનોને રાજીનામા અપાવીને વિપક્ષે બેસવાનું પસંદ કર્યું છે. શિવસેનાનાં ત્રાગાં ચાલુ છે. પૂંછડિયા ખેલાડીઓ સોદાબાજી કરવા લાગ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના મિલન સમો પીડીપી સાથેનો અખતરો નિષ્ફળ રહ્યો છે. દક્ષિણ ભારતમાં પગ મૂકવાની માંડ એક-એક બેઠક પૂરતી જ તક મળી છે. મહત્ત્વનાં રાજ્યો ગુમાવ્યાં છે. નજર હવે પશ્ચિમ બંગાળ અને ઓડિશા ભણી છે.

વિપક્ષોના મહાગઠબંધનની અવસ્થા દેડકાંની પાંચશેરી જેવી થાય, નેહરુ-ગાંધી પરિવારની ભાંડણલીલા ચાલુ રહે અને તેલંગણના મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવ અલગ ફેડરલ ફ્રન્ટ રચીને કૉંગ્રેસથી અંતર જાળવે એવી વેતરણ પાછળ મોદી નીતિ કાર્યરત છે. જોકે ભાજપ - સંઘ પરિવારની ગણતરી મુજબ, આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપને ૧૮૦ બેઠકો મળશે. આમ છતાં સત્તામાં બેઠેલા મોદી ફરીને વડા પ્રધાન બનશે એવું આજના તબક્કે તો લાગે છે કારણ કે સરકાર રચવા જેટલી ૨૭૨ની સભ્ય સંખ્યાનો મોરચો એ બનાવી શકશે.એ સરકાર રચે તો પણ અત્યારની જેમ પોતાની રીતે નિર્ણય લેવામાં મુશ્કેલી અનુભવે. ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે!

haridesai@gmail.com

## હિમવર્ષાથી ● અનુસંધાન પહેલાનું ચાલુ

તાપમાનમાં ઘટાડો થયો હતો. લોકો ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે. જો કે, હવામાન વિભાગે ૧૦મી જાન્યુઆરી બાદ સ્થિતિમાં સુધારો થશે તેવી વાત કરી છે. રાજ્યમાં શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં માર્ગો ઉપર વાહનો દેખાઈ રહ્યા નથી. શ્રીનગર શહેરમાં આજે લઘુત્તમ તાપમાન શૂન્યથી ૧.૨ ડિગ્રી નીચે પહોંચી ગયું હતું. પહેલગામમાં પારો માઈનસ ૭.૯ ડિગ્રી રહ્યો હતો. ગુલમર્ગમાં પારો માઈનસ નવ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. લેહમાં માઈનસ ૧૦.૩ અને કારગિલમાં માઈનસ ૧૮.૬ ડિગ્રી પારો રહ્યો હતો.

## ૨૦ મિનિટ પૂર્વે ● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ રહી છે. કર્ણાટકના હુબલી રેલવે સ્ટેશન ઉપર આ વ્યવસ્થા અમલી કરવામાં આવનાર છે. આ બંને સ્ટેશનો ઉપર પાયલોટ પ્રોજેક્ટ તરીકે આ વ્યવસ્થા શરૂ કરવામાં આવી રહી છે. ત્યારબાદ દેશના ૨૦૨ સ્ટેશનો ઉપર આની શરૂઆત કરાશે. રેલવે પ્રોટેક્શન ફોર્સના ડીજીપી જનરલ અરુણ કુમારે આ અંગેની માહિતી આપી છે. આ હેઠળ રેલવેએ સ્ટેશનોને સીલ કરવાની તૈયારી કરી છે.

## નકામા માણસ ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે લખ્યું હતું કે, કોંગ્રેસ સરકાર દ્વારા કરાયેલી દેવા માફી અંગે મોદીજી છાતી ઠોકી રહ્યા છે, તેઓ કહે છે કે, કોંગ્રેસ માટે ખેડૂત વોટ બેંક છે. હવે ગુજરાતના ખેડૂતોની સ્થિતિ જોઈએ તો ભાજપના રાજમાં ખેડૂતો સંકટમાં છે. ભાવનગરના ખેડૂતો સિંચાઈ અને ખેતી પર ખરાબ અસરને લીધે માઈનિંગનો વિરોધ કર્યો તો ગુજરાત પોલીસે ખેડૂતોની સ્થિતિ બદતર કરી નાંખી હતી. મંદસૌરથી ભાવનગર સુધી ભાજપનું ખેડૂત વિરોધી ચરિત્ર સામે છે.